ટ્રમ્પ તંત્રનો નવો આદેશ હજારો કાયદેસરના શરણાર્થીઓને પણ જેલમાં ધકેલી શકે

નવા આદેશ મુજબ તપાસ અને પરીક્ષણના સમય દરમ્યાન શરણાર્થીઓને અટકાયતમાં રાખી શકાશે

મિનીઆપોલિસ, ૨૦ ફેબ્રુઆરી (AP): ટ્રમ્પ વહીવટીતંત્રે એક વ્યાપક નવો આદેશ જારી કર્યો છે, જે અમેરિકામાં કાયદેસર રીતે રહેતા પરંતુ હજુ સુધી કાયમી વસવાટનો અધિકાર ન મેળવનાર હજારો શરણાર્થીઓની ધરપકડ તરફ દોરી શકે છે. આ નિર્ણય વર્ષોથી ચાલી આવતી કાયદાકીય અને ઈમિગ્રેશન સુરક્ષાની જોગવાઈઓને પલટી નાખે છે. મિનેસોટામાં ગુરુવારે યોજાનારી ફેડરલ કોર્ટની સુનાવણી પહેલા ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (DHS) દ્વારા દાખલ કરવામાં આવેલ એક મેમોમાં જણાવાયું છે કે, ગ્રીન કાર્ડ માટે અરજી કરતા શરણાર્થીઓએ તેમની અરજીઓની સમીક્ષા માટે યુ.એસ.માં પ્રવેશના એક વર્ષ બાદ ફરીથી ફેડરલ કસ્ટડીમાં આવવું પડશે. બુધવારે દાખલ કરવામાં આવેલા આ મેમોમાં જણાવાયું છે કે, તપાસ અને પરીક્ષણની પ્રક્રિયાના સમયગાળા દરમિયાન DHS શરણાર્થીઓને કસ્ટડીમાં રાખી શકે છે.

એડવોકેસી અને રિસેટલમેન્ટ જૂથોએ આ આદેશની આકરી ટીકા કરી છે. આ આદેશને કાયદાકીય પડકારોનો સામનો કરવો પડી શકે છે અને તેનાથી બાયડન વહીવટીતંત્ર દરમિયાન યુનાઈટેડ સ્ટેટ્સમાં આવેલા અંદાજે ૨,૦૦,૦૦૦ શરણાર્થીઓમાં મૂંઝવણ અને ડર ફેલાઈ શકે છે. જેણે શરણાર્થીઓ પ્રત્યેની લાંબા સમયની નીતિઓને બદલી નાખી છે, જેમાં દેશમાં પ્રવેશતા શરણાર્થીઓની સંખ્યામાં નાટ્યાત્મક ઘટાડો પણ સામેલ છે. ગયા વર્ષના અંતમાં એસોસિએટેડ પ્રેસ (AP) દ્વારા પ્રાપ્ત થયેલા એક મેમોમાં જણાવવામાં આવ્યું હતું કે, વહીવટીતંત્ર બાયડન શાસન દરમિયાન યુ.એસ.માં પ્રવેશેલા તમામ શરણાર્થીઓની સમીક્ષા કરવાનું આયોજન કરી રહ્યું છે અને તે વર્ષો દરમિયાન આવેલા શરણાર્થીઓના ગ્રીન કાર્ડની મંજૂરીઓ પર તાત્કાલિક અસરથી રોક લગાવી દીધી છે.

ઈરાન પર હુમલા માટે એરબેઝ આપવા બ્રિટનના ઈનકારથી ટ્રમ્પ નારાજ

અમેરિકા હિંદ મહાસાગરમાં સ્થિત ડિએગો ગાર્સિયા અને આરએએફ ફેરફોર્ડ એરબેઝનો ઉપયોગ કરવા માગતું હતું

અમેરિકા અને બ્રિટેનના જૂના સંબંધોમાં તિરાડ આવી

લંડન-વોશિંગ્ટન, તા. 20: બ્રિટેને ઈરાન પર સંભવિત હુમલા માટે અમેરિકાને પોતાના સૈન્ય મથકોનો ઉપયોગ કરવાની મનાઈ ફરમાવી છે, જેના કારણે બંને દેશોના દાયકાઓ જૂના સંબંધોમાં ખટાશ આવી છે.

અમેરિકા ઈરાન વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે હિંદ મહાસાગરમાં સ્થિત 'ડિએગો ગાર્સિયા' અને બ્રિટેનના 'આરએએફ ફેરફોર્ડ' એરબેઝનો ઉપયોગ કરવા માગતું હતું. જોકે, આંતરરાષ્ટ્રીય કાયદા અને સુરક્ષા કારણોને આગળ ધરીને બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટાર્મરે આ મંજૂરી આપવાનો ઈનકાર કર્યો છે.

એક સમાચાર સંસ્થાના અહેવાલ મુજબ, આ નિર્ણયથી નારાજ થઈને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બ્રિટેન અને મોરેશિયસ વચ્ચેના 'ચાગોસ ટાપુ' સમજૂતી પરથી પોતાનું સમર્થન પાછું ખેંચી લીધું છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર આકરી પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, ડિએગો ગાર્સિયા જેવા વ્યૂહાત્મક રીતે મહત્વના સ્થળ પરથી નિયંત્રણ છોડવું એ બ્રિટેનની મોટી ભૂલ હશે. ટ્રમ્પનું માનવું છે કે ઈરાન સાથેના કોઈ પણ સોદા માટે આ એરફિલ્ડ્સ પર કબજો હોવો અનિવાર્ય છે. ડિએગો ગાર્સિયા અમેરિકા માટે એટલા માટે મહત્વનું છે કારણ કે તે તેહરાનથી આશરે 3,800 કિમી દૂર છે, જ્યાંથી બી-2 અને બી-52 જેવા ભારે બોમ્બવર્ષક વિમાનો ઓપરેટ કરી શકાય છે. બીજી તરફ, બ્રિટેન હવે ઈરાક યુદ્ધ જેવી ભૂલો કરવા માગતું નથી અને આંતરરાષ્ટ્રીય નિયમોનું પાલન કરવા પર ભાર મૂકી રહ્યું છે.

બાબરના નામે મસ્જિદ પર રોક લગાવવાની અરજી સુપ્રીમે ફગાવી

નવી દિલ્હી, તા. 20 (પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે શુક્રવારે મુઘલ સમ્રાટ બાબર કે બાબરી મસ્જિદના નામે કોઈ પણ મસ્જિદ અથવા ધાર્મિક માળખાના નિર્માણ, સ્થાપના કે નામકરણ પર રોક લગાવવાની માગ કરતી અરજી સ્વીકારવાનો ઈનકાર કરી દીધો છે. જસ્ટિસ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે આ મામલે અનિચ્છા દર્શાવ્યા બાદ અરજદારે પોતાની અરજી પાછી ખેંચી લીધી હતી.

અરજદારના વકીલે પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદની પ્રતિકૃતિ બનાવવાના તૃણમૂલ કોંગ્રેસના સસ્પેન્ડ કરાયેલા ધારાસભ્ય હુમાયુ કબીરના નિવેદનનો ઉલ્લેખ કર્યો હતો.

કાશ્મીરમાં એક દાયકાનો સૌથી ગરમ ફેબ્રુઆરી મહિનો

કાશ્મીરમાં મહિનાના અંત સુધી વરસાદ કે હિમવર્ષાની કોઈ શક્યતા નથી

શ્રીનગરમાં તાપમાન 20 ડિગ્રીને પાર

શ્રીનગર, તા. 20 (પીટીઆઈ): કાશ્મીર અત્યારે અસાધારણ ગરમીનો અનુભવ કરી રહ્યું છે, જ્યાં દિવસનું તાપમાન સામાન્ય કરતા 9થી 11 ડિગ્રી જેટલું ઊંચું નોંધાયું છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, ફેબ્રુઆરી મહિનો છેલ્લા એક દાયકામાં સૌથી ગરમ સાબિત થઈ રહ્યો છે. કાશ્મીર ખીણના મોટાભાગના વિસ્તારોમાં તેજસ્વી સૂર્યપ્રકાશને કારણે ઠંડી ગાયબ થઈ છે અને ગરમીનો પારો સતત વધી રહ્યો છે.

શ્રીનગર શહેરમાં ગુરુવારે મહત્તમ તાપમાન 20.1 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે મોસમના સરેરાશ તાપમાન કરતા 9.7 ડિગ્રી વધુ છે. વર્ષ 2016 પછી ફેબ્રુઆરીમાં નોંધાયેલું આ સૌથી ઊંચું તાપમાન છે. પ્રખ્યાત પર્યટન સ્થળ ગુલમર્ગમાં પણ પારો 11.4 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યો હતો, જે સામાન્ય કરતા 9.9 ડિગ્રી વધુ છે. ઉત્તર કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં આ તાપમાને ફેબ્રુઆરી 1993માં નોંધાયેલા અત્યાર સુધીના સૌથી ઊંચા તાપમાનના રેકોર્ડની બરાબરી કરી છે. હવામાન નિષ્ણાતોના મતે, આ ગરમીના સ્પેલની હજુ શરૂઆત છે અને આગામી દિવસોમાં વધુ રેકોર્ડ તૂટી શકે છે.

મોજે : ડીડોલી, રે.સ.નં.૨૧૧, બ્લોક નં.૩૨૯ માં આવેલ "જગદમ્બાનગર" માં પ્લોટ નં.૩૭ વાળી મિલકતની જૂની કબજા રસીદો ગુમ થયા અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, (હાલ તાલુકા ઉધના) ચોર્યાસી સબ- ડીસ્ટ્રીકટ શહેર સુરતના વધારવામાં આવેલ ૭૬ વિસ્તારમાં સમાવિષ્ટ મોજે : ડીડોલી ના રેવન્યુ સર્વે નં.૨૧૧, બ્લોક નં.૩૨૯ થી નોંધાયેલી જમીનમાં આવેલ 'જગદમ્બા નગર' માં પાડવામાં આવેલા રહેઠાણના પ્લોટો પૈકી પ્લોટ નં.૩૭ કે જેનું ક્ષેત્રફળ સુમારે ૩૩.૪૪ ચો.મી. વાળી મિલકત તથા તેના ઉપર સંપૂર્ણ બાંધકામ સહીતની મિલકત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની મિલકત તેના હાલના માલીક, કબજેદાર, ભોગવટેદાર સંતોષ ગંગારામ પાટીલ નાઓ યાથી આવેલ છે. તેમજ સદરહું મિલકતના ટાઈટલ ક્લીયર અને ચોખ્ખા અને માર્કેટેબલ કરવા માટે સદર મિલકત અંગેની તેઓએ ખરીદ કરેલ કબજા રસીદ યાને અમારા અસીલશ્રીના માતાશ્રી સ્વઃ કોકીલાબેન ગંગારામભાઈ પાટીલ નાએ સદાશીવ સજ્જન માળી પાસેથી સને-૨૦૦૦ ના વર્ષમાં ખરીદ કરેલ. જે કબજા રસીદ અસલ અમારા અસીલશ્રી પાસે યાલી આવેલ છે. પરંતુ સદરહુ મિલકતના અગાઉના માલીક સદાશીવ સજ્જન માળી નાઓએ સદર મિલકત કપીલાબેન નટવરભાઈ પટેલ પાસેથી સને-૨૦૦૫ ના વર્ષમાં ખરીદ કરેલ તેમજ તેઓએ સદર મિલકત મુળ જમીન માલીક મોહનભાઈ રમણીકભાઈ ખત્રીના કુ.મુ. રમણીકભાઈ લલુભાઈ ભંડેરી નાઓ પાસેથી સને-૧૯૯૨ ના વર્ષમાં ખરીદ કરેલ. જે સદર અગાઉની મુળ કુલ બે અસલ કબજા રસીદો અમારા અસીલશ્રીના માતા શ્રી સ્વઃકોકીલાબેન ગંગારામભાઈ પાટીલ નાઓ થી ક્યાંક મુકાઈ ગયેલ છે તેઓના મરણ બાદ સદર મિલકતની કબજા રસીદોની ક્યાંક ગુમ થયેલ છે તે અંગેની અમારા અસીલશ્રીને જાણ નથી તેમ છતા અમારા અસીલશ્રીએ સદર બંને અસલ કબજા રસીદોની ઘણી શોધખોડ કરવા છતા મળી આવેલ નહી. તેથી સદરહુ મિલકતમાં કોઈપણ વ્યકિત કે બેંક, ફાયનાન્સ, સંસ્થાનો કોઈપણ પ્રકારે હક્ક, હિત, હિસ્સો, સંબંધ કે અધિકાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૧૫ માં અમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે, સદરહુ મિલકતમાં કોઈપણ વ્યકિત કે બેંક, ફાયનાન્સ, સંસ્થાનો કોઈપણ પ્રકારે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, સંબંધ કે અધિકાર નથી અને હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધો છે, એવું માનવામાં આવશે. જેની લાગતા વળગતાઓએ ખાસ નોંધ લેવી.

ઠેકાણું: ૧૦૯ થી ૧૧૧, "સત્યાર્થ", શિવ શક્તિ કોમ્પલેક્ષ, બી.આર.સી.મંદિર સામે, ઉધના, સુરત. મો.૯૮૨૫૦ ૨૦૦૭૦ | **તુષાર પી. ખૈરનાર (એડવોકેટ)**

બૅંક ઑફ બડૌદા Bank of Baroda

લીંક રોડ શાખા, : નારાયણ સ્કવેર, ભરૂચ–૩૯૨૦૦૨ (ગુજરાત)
ફોન : ૯૦૯૯૦૦૬૭૭૪ email : Linbha@bankofbaroda.com

કબજા નોટીસ

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨, (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩ (૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૩/૧૦/૨૦૨૫ ના રોજ ડિમાન્ડ નોટીસ** બજાવીને **શ્રીમતી પટેલ સહિસ્તાબાનુ ઝાકિર (દેવાદાર) અને શ્રી પટેલ ઝાકિર યુસુફ (સહદેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૬૩,૮૩,૦૭૯.૮૦/– (અંકે રૂપિયા ત્રેસઠ લાખ ત્યાંસી હજાર ઓગણાએંસી અને એંસી પૈસા પુરા)** + **તા. ૧૩/૧૦/૨૦૨૫ ના રોજ** અનસર્વડ વ્યાજ અને અન્ય ચાર્જીસ આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૧૮મી ફેબ્રુઆરી સન ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા, લીંક રોડ શાખા, ભરૂચની રકમ રૂા.૬૩,૮૩,૦૭૯.૮૦/– (અંકે રૂપિયા ત્રેસઠ લાખ ત્યાંસી હજાર ઓગણાએંસી અને એંસી પૈસા પુરા)** + અનસર્વડ વ્યાજ અને અન્ય ચાર્જીસ અને તેના પર વ્યાજ ને આધીન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

ઈકવીટેબલ મોંગેજ કરેલ તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે આરઝૂ સોસાયટી ની તરીકે જાણીતી સ્કીમ નો પ્લોટ/ ઘર નં. ૨૭, નગર પાલીકા નો વોર્ડ નં. ૨ માપ ૧૫૩.૯૦ ચો.મીટર તેના બાંધકામ ૧૧૬.૦૦ ચો.મીટર, એનએ જમીન નો રેવન્યુ સર્વે નં. ૬૧/૧ +૬૧/૨+ ૬૧/૩+ ૬૨/૧ પૈકી (૭/૧૨ મુજબ રે.સ.નં. ૬૧–૧+૨+૩+૬૨–૧) ની બહાર ની ગામ. ડુંગરી, તા અને જી.ભરૂચ (ગુજરાત) ખાતે ૧) સહિસ્તાબાનુ ઝાકિર પટેલ અને ૨) ઝાકિર યુસુફ પટેલ ના નામે આવેલ છે. જેની ચર્તુદિશા: **પૂર્વે:** જોડેનો રોડ, **પશ્ચિમે:** જોડેનો પ્લોટ નં. ૩૮, **ઉત્તરે:** જોડેનો પ્લોટ નં. ૨૮, **દક્ષિણે:** જમીન રે.સ નં. ૬૧/૧ પૈકી.

તા. ૧૮.૦૨.૨૦૨૬, સ્થળ : ભરૂચ — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા લીંક રોડ શાખા

મે.સુરતના ૧૩માં અધિક સીવીલ જજ અને જે.એમ.એફ.સી.સાહેબ શ્રી જે.સિંહ સાહેબની કોર્ટમાં
Room No.908, 9th Floor, District Court Building, Athwalines, Surat-395001
રેગ્યુલર દિવાની મુકદમા નંબર-૪૧૧/૨૦૨૨

જાહેર સમન્સ ઠરાવ તા. :- ૦૩/૦૪/૨૦૨૬

વાદી:-અનસુયાબેન જમુભાઈ ઉમરીગર વિગેરે
વિરુધ્ધ **વિ.વ.શ્રી એસ.આર.કીનખાબવાલા**
પ્રતિવાદી:- દિલિપ અર્જુનભાઈ ઉમરીગર વિગેરે
વીણાબેન અર્જુનભાઈ ઉમરીગરના વાસદારો
૨.૧ મુકેશભાઇ કાંતિલાલ ઉમરીગર ઉ.આ.વ.-૬૫ ,ધંધો :-નોકરી
૨.૨ એશ્વરીયા મુકેશભાઈ ઉમરીગર ઉ.આ.વ.:- ૨૪ ,ધંધો :- ઘરકામ
૨.૩ હેમલ મુકેશભાઈ ઉમરીગર ઉ.આ.વ.:- ૨૨. ધંધો :- નોકરી
૨.૪ પિન્કલ મુકેશભાઇ ઉમરીગર ઉ.આ.વ.:-૨૦ ,ધંધો :-ઘરકામ
તમામ નું ઠે :- પારીજાત એપાર્ટમેન્ટ, મીનાક્ષી વાડી, માંહયાવંશી મોહલ્લો, કતારગામ, સુરત નાને,

એણે તમારા ઉપર શહેર સુરતમાં વોર્ડ નં. ૭ નોંધ નં. ૮૦૪/અ/૧/૧ વાળી મિલકત રામપુરા અશકતા આશ્રમ પાસે, દાતણીયાવાડ, સુરત મુકામે આવેલી, બદલ દાવો કરેલ છે, માટે

તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે તારીખ ૩જુ માહે એપ્રિલ સને ૨૦૨૬ રોજ બપોરે ૧૧:૦૦ વાગ્યે સદરહું દાવાનો જવાબ આપવા આ કોર્ટમાં તમારે જાતે અથવા કોર્ટના જે પ્લીડરને તમારી હકીકત બરાબર સમજાવી હોય તથા જે એ દાવાના સદાણા જરૂરી સવાલના જવાબ દઈ શકે તેવા પ્લીડરની મારફત અથવા તેવા સદાણા સવાલના જવાબ દઈ શકે તેવા કોઈ બીજા શખ્સને તે પ્લીડરની સાથે રાખીને તે પ્લીડર મારફત હાજર થવું. માટે તે દિવસે તમારે તમારા સદાણા લેખીત પુરાવા જેના ઉપર તમે તમારા બચાવનો આધાર રાખતા હોય તે હાજર કરવાને તમારે તૈયાર થઈ રહેવું.

અને ,તમને આ ઉપરથી નોટીસ આપવામાં આવે છે કે ,જો ઉપર જણાવેલા દિવસે તમે હાજર નહિ થાઓ તો , તમારી ગેરહાજરીમાં એ દાવો સાંભળીને તેનો નિકાલ કરવામાં આવશે. વળી તમને એવી નોટીસ આપવામાં આવે છે કે નિર્દિષ્ટ કરેલી તારીખે અથવા તે પહેલાં બજાવણી માટે પતો લખવાની તેમ કસૂર કરો તો તમારા બચાવ પર ધ્યાન આપવામાં આવશે નહિ.

આજ તારીખ ૨૦ મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૬ રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર જે. બી. ગોહીલ આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર ડી.પી.દસલાણીયા બેંચ ક્લાર્ક ગ્રેડ | કોર્ટનો સિક્કો | હુકમથી, I/C જી.ડી.વાઘ રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, સુરત

Muthoot Homefin Muthoot Homefin (India) Ltd.

CIN: U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસ: મુથુટ હોમફીન (ઈન્ડિયા) લિ., 19-ઈ, ધ રૂબી, સેનાપતિ બાપત માર્ગ, તુલસી પાઈપ રોડ, રૂપારેલ કોલેજ નજીક, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર - 400028.
બ્રાન્ચ ઓફિસ: મુથુટ હોમફીન (ઈન્ડિયા) લિ., 503, સફાયર બિઝનેસ હબ, એલ પી સવાણી રોડ, મધુવન સર્કલ નજીક, અડાજણ, સુરત, ગુજરાત - 395009.

એપેન્ડીક્સ-IV-A (નિયમ 8 (6)ની જોગવાઈ જોવી)

પ્રાઈવેટ ટ્રીટી કમ સેલ માટે જાહેર નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ દેવાદાર(ઓ) પાસેથી લેણી રકમની વસૂલાત માટે મુથુટ હોમફીન (ઈન્ડિયા) લિ.ના અધિકૃત અધિકારી દ્વારા નીચે દર્શાવેલ સિક્યોર્ડ એસેટ્સનો કબજો લીધા પછી, સ્થાવર મિલકતની ખરીદી માટે સીલબંધ કવરમાં નીચે મુજબ ઓફરો આમંત્રિત કરવામાં આવે છે, જે 'જે છે જ્યાં છે' (As Is Where Is Basis), 'જે છે જેવું છે' (As Is What Is Basis) અને 'જે કંઈ પણ છે' (Whatever Is There Is Basis) ના ધોરણે કબજામાં છે, જેની વિગતો નીચે મુજબ છે:-

ક્રમ નં.	દેવાદારો/ સહ-દેવાદારો/ જામીનદારો/ લોન એકાઉન્ટ નં./બ્રાન્ચ	માગણી નોટિસની તારીખ અને રકમ	સ્થાવર મિલકતનું વર્ણન	રિઝર્વ પ્રાઇસ	અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (RP ના 10%)
1.	**રાજિતરામ રામજોર યાદવ/ રેખા રાજિતરામ યાદવ/ 004-00402699/ સુરત**	24-Jun-2025/ Rs. 6,93,256/- રૂપિયા છ લાખ ત્રાણું હજાર બસો છપ્પન પૂરા.	ફ્લેટ નં 306, 3જો માળ, મહા લક્ષ્મી કોમ્પ્લેક્સ, પટેલ પાર્ક, કડોદરા ગામ રોડ, ઓવરહેડ વોટર ટેન્કની પાછળ, કડોદરા, પલસાણા, સુરત. ઉત્તરઃ સાયેની ઈમારત દક્ષિણ- આંતરીક માર્ગ, પૂર્વઃ સાયેનો રો હાઉસ, પશ્ચિમઃ માર્ગ	Rs. 5,20,437/- રૂપિયા પાંચ લાખ વીસ હજાર ચારસો સાડત્રીસ પૂરા.	Rs. 52,043/- રૂપિયા બાવન હજાર સુડતાલીસ પૂરા.
2.	**સંજયભાઈ જગનારાયણ પાંડે/ ચંદા સંજય પાંડે/ 004-00402850/સુરત**	20-May-2025/ Rs. 7,38,189/- રૂપિયા સાત લાખ આડત્રીસ હજાર એકસો નેવ્યાસી પૂરા.	ફ્લેટ નં. 101, 1લો માળ, રુદ્રાક્ષ રેસીડેન્સી, સોની પાર્ક હાઉસિંગ સોસાયટી-2, તાતીથૈયા, પલસાણા, સુરત. બ્લોક નં. 2., લેન્ડમાર્ક સોની પાર્ક હાઉસિંગ સોસાયટી-2, જિલ્લો- સુરત, રાજ્ય ગુજરાત, પિનકોડ-394305, દિશાઃ ઉત્તરઃ સાયેનો બ્લોક, દક્ષિણ- સાયેની ઈમારત, પૂર્વઃ આંતરિક માર્ગ, પશ્ચિમઃ સીઓપી	Rs. 4,65,025/- રૂપિયા ચાર લાખ પાંસઠ હજાર પચ્ચીસ પૂરા.	Rs. 46,502/- રૂપિયા છેતાલીસ હજાર પાંચસો બે પૂરા.
3.	**મહેશકુમાર જગોદીશ ખાનિયા/ ઉષાકુમારી મહેશકુમાર ખાનિયા/ 004-00401894/સુરત**	21-Jul-2025/ Rs. 4,51,469/- રૂપિયા ચાર લાખ એકાવન હજાર ચારસો ઓગણસિત્તેર પૂરા.	પ્લોટ નં 5, ડિવાઇન રેસીડેન્સી-2, ઉત્યાદરા રોડ, ડિવાઇન સ્કૂલ પાસે, હળુરાણ, માંગરોળ, સુરત. જિલ્લો સુરત, રાજ્ય ગુજરાત, પિનકોડ-395125. દિશાઓઃ ઉત્તરઃ બાજુનો પ્લોટ નં. 6, દક્ષિણઃ બાજુનો પ્લોટ નં. 4, પૂર્વઃ સોસાયટીનો રોડ, પશ્ચિમઃ બાજુનો બ્લોક.	Rs. 5,38,650/- રૂપિયા પાંચ લાખ આડત્રીસ હજાર છસો પચાસ પૂરા.	Rs. 53,865/- રૂપિયા ત્રેપન હજાર આઠસો પાંસઠ પૂરા.
4.	**ભરત લાલચંદ રાજભર/ રીનુદેવી ભરત રાજભર/ 004-00403300/સુરત**	20-Mar-2025/ Rs. 5,58,336/- રૂપિયા પાંચ લાખ અઠાવન હજાર ત્રણસો છત્રીસ પૂરા.	ફ્લેટ નં 504, સહજાનંદ રેસીડેન્સી-2, પલસાણા, સુરત-394305. દિશાઓઃ ઉત્તરઃ બાજુની રોડ, દક્ષિણઃ બાજુનો પ્લોટ નં. 241, પૂર્વઃ બાજુનો પ્લોટ નં. 219, પશ્ચિમઃ રોડ.	Rs. 2,71,863/- રૂપિયા બે લાખ એકોતેર હજાર આઠસો ત્રેસઠ પૂરા.	Rs. 27,186/- રૂપિયા સત્યાવીસ હજાર એકસો છ્યાસી પૂરા.
5.	**પ્રકાશભાઈ મનસુખભાઈ મકવાણા/ મીરાબેન પ્રકાશભાઈ મકવાણા/ 004-00403646/સુરત**	24-Jun-2025/ Rs. 3,64,550/- રૂપિયા ત્રણ લાખ ચોસઠ હજાર પાંચસો પચાસ પૂરા.	ફ્લેટ નં B-314, 3જો માળ, શિવમ રેસીડેન્સી, નાનસદ રોડ પાસે, કામરેજ, સુરત-394185. ઉત્તરઃ B-વિંગ, દક્ષિણઃ બાજુની સોસાયટી, પૂર્વઃ બાજુની સોસાયટી, પશ્ચિમઃ રોડ.	Rs. 2,25,094/- રૂપિયા બે લાખ પચ્ચીસ હજાર ચોરાણું પૂરા.	Rs. 22,509/- રૂપિયા બાવીસ હજાર પાંચસો નવ પૂરા.
6.	**સંદિપ જ્ઞાનેશ્વર પાટોડે/ મીરાબેન જ્ઞાનેશ્વર પાટોડે/ 004-00404118/ સુરત**	24-Jun-2025/ Rs. 4,84,314/- રૂપિયા ચાર લાખ ચોર્યાસી હજાર ત્રણસો ચૌદ પૂરા.	ફ્લેટ નં. 304, 3જો માળ, રામેશ્વર રેસીડેન્સી, અનમોલ રેસીડેન્સી વિભાગ-1, જોલવા, પલસાણા, સુરત. પિનકોડ-394310. ઉત્તરઃ બાજુનો પ્લોટ નં. 89, 92, દક્ષિણઃ બાજુનો રોડ, પૂર્વઃ સોસાયટીનો આંતરિક રોડ, પશ્ચિમઃ સોસાયટીનો આંતરિક રોડ.	Rs. 4,01,500/- રૂપિયા ચાર લાખ એક હજાર પાંચસો પૂરા.	Rs. 40,150/- રૂપિયા ચાલીસ હજાર એકસો પચાસ પૂરા.
7.	**સોની પ્રિન્સ/ વિજયભાઈ બાબુનંદન સોની/ 004-00405435/સુરત**	25-Jun-2025/ Rs. 13,80,358/- રૂપિયા તેર લાખ એંસી હજાર ત્રણસો અઠાવન પૂરા.	ફ્લેટ નં. 203, 2જો માળ, શ્રી બાલાજી ફ્લેટ્સ, વલ્લભનગર, સુરત-કડોદરા રોડ, બ્લુડેલ સ્કુલ નજીક, વરેલી, પલસાણા, સુરત-394140.ઉત્તરઃ બાજુનો પ્લોટ, દક્ષિણઃ બાજુનો પ્લોટ, પૂર્વઃ સોસાયટીનો રોડ, પશ્ચિમઃ બાજુનો પ્લોટ.	Rs. 3,01,750/- રૂપિયા ત્રણ લાખ એક હજાર સાતસો પચાસ પૂરા.	Rs. 30,175/- રૂપિયા ત્રીસ હજાર એકસો પંચોતેર પૂરા.
8.	**શોભાબેન ભરત પાટીલ/ મયુર ભરત પાટીલ/ ભરતભાઈ સંતોષ પાટીલ/ 004-00000179/સુરત**	24-Jun-2025/ Rs. 8,88,880/- રૂપિયા આઠ લાખ અઠાવાસી હજાર આઠસો એંસી પૂરા.	પ્લોટ નં. 241, "આરાધના ડ્રીમ વિભાગ-1", મોજે જોલવા, તા. પલસાણા, કડોદરા, જી. સુરત ગુજરાત રાજ્ય-394310. ઉત્તરઃ બાજુનો પ્લોટ નં. 240, દક્ષિણઃ બાજુનો પ્લોટ નં. 242, પૂર્વઃ બાજુનો પ્લોટ નં. 238, પશ્ચિમઃ સોસાયટીનો રોડ.	Rs. 7,83,300/- રૂપિયા સાત લાખ ત્યાસી હજાર ત્રણસો પૂરા.	Rs. 78,330/- રૂપિયા છ્યોતેર હજાર ત્રણસો ત્રીસ પૂરા.
9.	**જયેશ ઘુઘાભાઈ કટારિયા/ મંગુબેન ઘુઘાભાઈ કટારિયા/ 004-00401445/સુરત**	19-Jan-2025/ Rs. 30,97,959/- રૂપિયા ત્રીસ લાખ સત્તાણું હજાર નવસો ઓગણસાઈઠ પૂરા.	પ્લોટ નં. 77, શ્યામ વિલા રેસીડેન્સી, માકણા રોડ, માકણા ગામ, કામરેજ, પલસાણા, સુરત સર્વે નં. બ્લોક નં.૫૮ લેન્ડમાર્ક વીશ્વભારતી ગર્લ્સ સ્કુલ જી. સુરત ગુજરાત રાજ્ય 395007.ઉત્તરઃ સોસાયટી આંતરિક, દક્ષિણઃ પ્લોટ નં. 79, પૂર્વઃ પ્લોટ નં. 76, પશ્ચિમઃ પ્લોટ નં. 78.	Rs. 10,62,600/- રૂપિયા દસ લાખ બાસઠ હજાર છસો પૂરા.	Rs. 1,06,260/- રૂપિયા એક લાખ છ હજાર બસો સાઠ પૂરા.
10.	**રામારામ તળકાજી પુરોહિત/ દેસુદેવી રામારામ પુરોહિત/ 004-00406515/સુરત**	16-Aug-2024/ Rs. 5,57,687/- રૂપિયા પાંચ લાખ સત્તાવન હજાર છસો સત્યાસી પૂરા.	ફ્લેટ નં. 103, 1લો માળ, હરિહંત પાર્ક સોસાયટી વિભાગ-2, શ્રી ગણેશ રેસીડેન્સી B, કડોદરા, પલસાણા, સુરત સુરત. ગુજરાત-394327.	Rs. 4,72,700/- રૂપિયા ચાર લાખ બોંતેર હજાર સાતસો પૂરા.	Rs. 47,270/- રૂપિયા સુડતાલીસ હજાર બસો સિત્તેર પૂરા.
11.	**આરતીદેવી રાજબલી સિંહ/ રાજબલી યોગનારાયણ સિંહ/ 004-00000520/ સુરત**	20-Mar-2025/ Rs. 6,48,430/- રૂપિયા છ લાખ અડતાલીસ હજાર ચારસો ત્રીસ પૂરા.	ફ્લેટ નં G2, કામધેનુ રેસીડેન્સી, તાતીથૈયા, સોની પાર્ક હાઉસિંગ સોસાયટી-2, સુરત સુરત ગુજરાત-394315. વધુ વિગતવાર વેચાણ કરારમાં લખ્યું છે જેનો રજિસ્ટર્ડ નં. 2375-2017 છે, તારીખ- 27 ફેબ્